(ભાગ-4)

# તમને અમેરિકાના કયા વિઝા જોઈએ છે?

અમારું અમેરિકન સપનું છે. અમારે અમેરિકા જઈને કાયમી વસવાટ કરવો છે. મેડમ, અમને અમેરિકાના વિઝા વિશે બેઝિક જાણકારી પણ નથી. તો અમને જણાવો ને કે અમે કઈ રીતે અમેરિકામાં લીગલ રીતે જઈને કાયમી વસવાટ કરી શકીએ? અમારું અમેરિકામાં કોઈ સગું-વહાલું પણ રહેતું નથી, જે અમારા માટે ઈમિગ્રન્ટ વિઝાનું પિટિશન કરી શકે કે અમને સ્પોન્સર કરીને ત્યાં પોતાની સાથે રહેવા બોલાવી શકે. નિલેશભાઈ તુરખિયાએ તેમની મૂંઝવણ અમારી સામે રજૂ કરી. મેં સૌપ્રથમ તેમનું બેકગ્રાઉન્ડ જાણવા માગ્યું. નિલેશભાઈ ગુજરાતમાં તેમના શહેરના એક સન્માનનીય અને અગ્રણી વ્યક્તિ છે. તેમણે તેમના શહેર ઉપરાંત સમગ્ર ગુજરાતમાં ભરપૂર સમાજસેવા કરી છે. તેમનો પોતાનો બિઝનેસ ધમધોકાર ચાલે છે, જેમાં લગભગ 900 કર્મચારીઓ કાર્યરત છે. પરંતુ નિલેશભાઈ એવા સેવાભાવી છે કે તેઓ કોઈપણ પ્રકારની કુદરતી આફત, માનવસર્જિત મુશ્કેલી કે રાજકીય કટોકટીના સમયે રાત-દિવસ, જાત-પાત, ગરીબ-તવંગર, બાળક, યુવાન કે વૃદ્ધ, પુરુષ, સ્ત્રી કે તૃતીયપંથી તેમજ માનવ કે પશુ-પક્ષી–કોઈપણ મુશ્કેલીમાં હોય તો તેની પડખે ઊભા રહીને મદદ કરવા હંમેશા તત્પર રહે છે. ધન કે ચીજવસ્તુઓની મદદ તો કરે જ છે, પરંતુ જરૂર પડે તો પોતાની જાત ઘસીને અને પોતાનો જીવ જોખમમાં મૂકીને પણ સેવા કરે છે. તેમને અનેક સંસ્થાઓ ઉપરાંત રાજ્ય સરકાર, મુખ્યમંત્રી તથા કેન્દ્ર સરકાર તરફથી પણ અનેક પુરસ્કારો એનાયત કરવામાં આવ્યા છે. તેમની આ અસાધારણ ક્ષમતા વિશે જાણીને અમે તેમને અમેરિકાના કાયમી વસવાટ માટેના ઈમિગ્રન્ટ વિઝા EB-1A, એટલે કે Employment-Based First Preference (EB-1A) કેટેગરી હેઠળ અરજી કરવાની સલાહ આપી.




**અમેરિકાના કાયમી વસવાટ માટેના ઈમિગ્રન્ટ વિઝા EB-1A, એટલે કે Employment-Based First Preference (EB-1A) કેટેગરી હેઠળ અરજી કરવાની સલાહ આપી**

**વિઝા મિત્ર**
★ સંગીતા જોશી

વિઝામિત્રો, અમેરિકાના વિઝાના વિવિધ પ્રકારોની શ્રેણીમાં આજે આપણે ઈમિગ્રન્ટ વિઝાની Employment-Based Preference કેટેગરીના વિવિધ પ્રકારો વિશે જાણકારી મેળવીશું. નિલેશભાઈ તેમની અસાધારણ ક્ષમતાને આધારે EB-1A કેટેગરી હેઠળ પિટિશન દાખલ કરી શકે છે. આ માટે તેમણે તમામ દસ્તાવેજી પુરાવા, ફોટોગ્રાફ્સ, તેમને મળેલા એવોર્ડ્સ તથા પ્રમાણપત્રોની નકલો વગેરે રજૂ કરવી પડશે. આ કેટેગરીમાં લેબર સર્ટિફિકેશન રજૂ કરવાની જરૂર પડતી નથી અને પિટિશન દાખલ કરવા માટે કોઈ એમ્પ્લોયર અથવા નોકરીની ઓફરની પણ જરૂર રહેતી નથી. અરજદાર પોતે જ પોતાનું પિટિશન દાખલ કરી શકે છે. સામાન્ય રીતે લગભગ ત્રણ વર્ષની રાહ બાદ પિટિશન મંજૂર થતાં તેઓ પોતાની પત્ની અને 21 વર્ષથી ઓછી વયના અવિવાહિત સંતાનો સાથે અમેરિકામાં કાયમી વસવાટ કરી શકે છે. આવી અસાધારણ ક્ષમતા ધરાવતા લોકોમાં વૈજ્ઞાનિકો, કલાકારો, શિક્ષકો, ઉદ્યોગપતિઓ, રમતવીરો વગેરેનો સમાવેશ થાય છે. EB-1B કેટેગરી પ્રોફેસરો અને રિસર્ચરો માટે છે. તેમના પોતાના શિક્ષણ અથવા સંશોધન ક્ષેત્રમાં નોંધપાત્ર યોગદાન હોવું જરૂરી છે. ઉપરાંત, તેમને ઓછામાં ઓછા ત્રણ વર્ષનો શિક્ષણ અથવા સંશોધનનો અનુભવ હોવો જોઈએ. તેમની અસાધારણ ક્ષમતા બદલ તેમને આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા અથવા સન્માન મળેલું હોવું આવશ્યક છે. જોકે, EB-1B હેઠળ અરજદાર પોતાની જાતે પિટિશન દાખલ કરી શકતા નથી. તેમની પાસે એવો સ્પોન્સર હોવો જરૂરી છે, જે તેમને નોકરીની ઓફર આપી હોય અને તેમની તરફથી પિટિશન દાખલ કરતું હોય. આ વિઝા મેળવવામાં સામાન્ય રીતે ત્રણથી ચાર વર્ષનો સમય લાગે છે. EB-1C કેટેગરી મલ્ટીનેશનલ એક્ઝિક્યુટિવ્સ અને મેનેજરો માટે છે.

છેલ્લા ત્રણ વર્ષમાંથી ઓછામાં ઓછું એક વર્ષ અમેરિકા બહાર આવેલી કોઈ કંપની, કોર્પોરેશન અથવા તેની સંલગ્ન (સબસિડિયરી) કંપનીમાં મેનેજર અથવા એક્ઝિક્યુટિવ તરીકે કામ કર્યું હોય અને ત્યારબાદ એ જ કંપનીમાં અમેરિકામાં આવીને મેનેજર અથવા એક્ઝિક્યુટિવ તરીકે કાર્ય કરવા માંગતા હોય, તેઓ આ કેટેગરી હેઠળ અરજી કરી શકે છે. EB-1A, EB-1B અને EB-1C–આ ત્રણેય કેટેગરીમાં અરજદારે અમેરિકાના લેબર ડિપાર્ટમેન્ટ સમક્ષ PERM (Program Electronic Review Management) પ્રક્રિયા પૂર્ણ કરવાની જરૂર પડતી નથી. એટલે કે, અમેરિકામાં આ પ્રકારના વર્કર્સ ઉપલબ્ધ નથી તે સાબિત કરવાની લાંબી પ્રક્રિયામાંથી મુક્તિ મળે છે અને સામાન્ય રીતે એકથી બે વર્ષનો સમય બચી જાય છે. ઉપરાંત, પ્રીમિયમ પ્રોસેસિંગ માટે વધારાની ફી ચૂકવવામાં આવે તો 15થી 45 વર્કિંગ દિવસમાં પિટિશન અંગેનો નિર્ણય મળી શકે છે.

આ ઉપરાંત અરજદાર પોતાની સાથે પોતાના પતિ અથવા પત્ની તેમજ 21 વર્ષથી ઓછી વયના અવિવાહિત સંતાનો માટે પણ ગ્રીન કાર્ડનું પિટિશન દાખલ કરી શકે છે. ભારત અને ચીન સિવાયના મોટા ભાગના દેશોના અરજદારોને આ વિઝા તાત્કાલિક ઉપલબ્ધ થઈ જાય છે. પરંતુ ભારત અને ચીનમાંથી અરજદારોની સંખ્યા વધુ હોવાથી તથા વાર્ષિક ક્વોટાની મર્યાદાને કારણે સામાન્ય રીતે ત્રણથી ચાર વર્ષ સુધી રાહ જોવી પડે છે.

તો વિઝામિત્રો, નિલેશભાઈ તો ઝડપથી EB-1A વિઝા મેળવીને અમેરિકામાં સેટલ થઈ જશે. તમે ક્યારે જાવ છો? વિચારજો. આવતા અંકમાં આપણે ઈમિગ્રન્ટ વિઝાની Employment-Based કેટેગરીના અન્ય પ્રકારના વિઝાઓ વિશે જાણીશું. (ક્રમશઃ)

# એડવોકેટ સામે ગ્રાહક ફરિયાદ ચાલે નહીં

ગ્રાહક સુરક્ષા કાયદા હેઠળ છેલ્લા ઘણા દાયકાઓથી એક અત્યંત મહત્વનો અને વિવાદાસ્પદ પ્રશ્ન કાનૂની જગતમાં ચર્ચાનો વિષય રહ્યો હતો: એડવોકેટની કથિત બેદરકારીથી અસીલને નુકસાન થાય તો શું અસીલ એડવોકેટ વિરુદ્ધ ગ્રાહક કમિશનમાં 'સેવામાં ક્ષતિ'ની ફરિયાદ કરી શકે?

આ પ્રશ્નનો સ્પષ્ટ, નિર્ણાયક અને આખરી જવાબ સૌપ્રથમ ભારતના સુપ્રીમ કોર્ટે આપ્યો હતો. હવે, આંધ્ર પ્રદેશ હાઈકોર્ટે પણ તે જ ઐતિહાસિક સિદ્ધાંતને પુનરાવર્તિત કરીને એક સીમાચિહ્નરૂપ ચુકાદો આપ્યો છે, જેણે વકીલાતના વ્યવસાયને ગ્રાહક કાયદાના દાયરામાંથી સંપૂર્ણપણે બહાર રાખવાની કાનૂની સ્થિતિને વધુ મજબૂત બનાવી છે.

આ વિવાદની શરૂઆત આંધ્ર પ્રદેશના એક વકીલ અને અસીલ વચ્ચેના વિવાદથી થઈ હતી. આ કેસમાં અરજદાર એ.એસ.એસ.કે. દુર્ગા પ્રસાદે પોતાના એડવોકેટ સામે વિશાખાપટ્ટનમ જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશનમાં ગ્રાહક ફરિયાદ દાખલ કરી હતી. અરજદારનો આક્ષેપ હતો કે તેમણે જે કાનૂની કેસ સોંપ્યો હતો તેમાં એડવોકેટે યોગ્ય કાનૂની સેવાઓ આપી નહોતી, વ્યાવસાયિક નિષ્કાળજી દાખવી હતી અને આ રીતે 'સેવામાં ગંભીર ક્ષતિ' આચરી હતી, જેથી તેમને થયેલા નુકસાનનું વળતર મળવું જોઈએ.

આ કેસ કાનૂની સ્તરે લાંબી લડતમાંથી પસાર થયો હતો. સૌપ્રથમ વિશાખાપટ્ટનમ જિલ્લા ગ્રાહક કમિશને આ ફરિયાદ કાયદેસર રીતે ટકી શકે તેમ ન હોવાનું જણાવી તેને પ્રારંભિક તબક્કે જ નામંજૂર કરી દીધી હતી. ત્યારબાદ જિલ્લા કમિશનના આદેશ વિરુદ્ધ રાજ્ય ગ્રાહક કમિશન સમક્ષ અપીલ કરવામાં આવી, પરંતુ રાજ્ય કમિશને પણ આ અપીલ ગ્રાહ્ય ન રાખતાં તેને ફગાવી દીધી હતી. આ લડત અહીં અટકી નહોતી. અરજદારે ત્યારબાદ નેશનલ કન્ઝ્યુમર ડિસ્પ્યુટ્સ



રિડ્રેસલ કમિશન સમક્ષ રિવિઝન પિટિશન દાખલ કરી, જે પણ કાયદાકીય જોગવાઈઓના અભાવે નામંજૂર થઈ હતી. આખરે અરજદારે ગ્રાહક મંચોના આ ત્રણેય આદેશોને બંધારણીય દાયરામાં આંધ્ર પ્રદેશ હાઈકોર્ટ સમક્ષ પડકાર્યા હતા, જ્યાં હાઈકોર્ટે પણ તેમની રિટ પિટિશન સંપૂર્ણપણે ખારીજ કરી દીધી હતી.

**ગ્રાહક મંચ**
★ શ્રેયસ દેસાઈ (એડવોકેટ)

**આંધ્ર પ્રદેશ હાઈકોર્ટનું અવલોકન અને ચુકાદો**

ન્યાયમૂર્તિ રવિ નાથ તિલહરી તથા ન્યાયમૂર્તિ શુભેન્દુ સમંતાની ડિવિઝન બેન્ચ સમક્ષ જ્યારે આ બાબત આવી, ત્યારે તેમણે કાયદાના મૂળભૂત સિદ્ધાંતોની ઝીણવટભરી તપાસ કરી. હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું કે:

'એડવોકેટ દ્વારા પોતાના અસીલને આપવામાં આવતી કાનૂની સેવાઓ ગ્રાહક સુરક્ષા અધિનિયમ હેઠળ વ્યાખ્યાયિત 'સેવા' ના દાયરામાં આવતી નથી, તેથી વકીલ વિરુદ્ધ ગ્રાહક અદાલતમાં સેવામાં ક્ષતિની ફરિયાદ કાયદેસર રીતે ટકી શકે નહીં.'

હાઈકોર્ટે ઉમેર્યું કે આ વિવાદ હવે નવો રહ્યો નથી, કારણ કે ભારતીય સર્વોચ્ચ અદાલતે 'Bar of Indian Lawyers v. D.K. Gandhi PS National Institute of Communicable Diseases, (2024) 8 SCC 430' ના સુપ્રસિદ્ધ ચુકાદાથી આ કાનૂની સ્થિતિ સંપૂર્ણપણે અને આખરી રીતે નિશ્ચિત કરી દીધી છે. દેશની તમામ હાઈકોર્ટો અને નીચલી અદાલતો આ ચુકાદાને અનુસરવા બંધાયેલી છે.

**સુપ્રીમ કોર્ટે આપેલા મુખ્ય કાનૂની આધાર**

સુપ્રીમ કોર્ટે વકીલાતના વ્યવસાયને સામાન્ય વ્યાપારી પ્રવૃત્તિઓથી અલગ રાખવા માટે જે મહત્વના કાનૂની તર્કો આપ્યા હતા, તેને આંધ્ર પ્રદેશ હાઈકોર્ટે પોતાના ચુકાદાનો મુખ્ય આધાર બનાવ્યો છે.

વકીલાત કેમ ગ્રાહક કાયદામાં ન આવે? તેના મુખ્ય કારણો નીચે મુજબ છે:

૧. વ્યક્તિગત સેવાનો કરાર

ગ્રાહક સુરક્ષા અધિનિયમ, ૨૦૧૯ની કલમ ૨(૪૨)માં 'સેવા'ની વ્યાખ્યા આપવામાં આવી છે. આ વ્યાખ્યામાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે 'વ્યક્તિગત સેવાના કરારો' (Contracts of Personal Service)ને આ કાયદામાંથી બાકાત રાખવામાં આવ્યા છે.

**હવે, આંધ્રપ્રદેશ હાઈકોર્ટે પણ તે જ ઐતિહાસિક સિદ્ધાંતને પુનરાવર્તિત કરીને એક સીમાચિહ્નરૂપ ચુકાદો આપ્યો છે**

વકીલ અને અસીલ વચ્ચેનો સંબંધ કોઈ દુકાનદાર અને ગ્રાહક જેવો હોતો નથી. વકીલ અસીલનો માત્ર પગારદાર નોકર નથી, પરંતુ કોર્ટમાં તેનો પ્રતિનિધિ છે, જે અસીલના વિશ્વાસ અને સૂચનાઓના આધારે કાર્ય કરે છે. તેથી આ સંબંધ એક અત્યંત વિશિષ્ટ વ્યક્તિગત કરાર ગણાય છે.

૨. વકીલાત એક અનન્ય વ્યવસાય છે

સુપ્રીમ કોર્ટે પોતાના ચુકાદામાં વકીલાતને 'Sui Generis' એટલે કે પોતાનામાં જ એક અનન્ય અને વિશિષ્ટ વ્યવસાય ગણાવ્યો છે. વકીલો કોર્ટના અધિકારી છે. તેમનું મુખ્ય કર્તવ્ય માત્ર અસીલ જીતે તે જોવાનું નથી, પરંતુ ન્યાયની પ્રક્રિયામાં અદાલતને યોગ્ય સહયોગ આપવાનું પણ છે. આ વ્યવસાયની સરખામણી ફેક્ટરી, દુકાન કે અન્ય વ્યાપારી સેવાઓ સાથે થઈ શકે નહીં.

**૩. ધારાસભાનો મૂળ આશય**

ગ્રાહક સુરક્ષા કાયદો બનાવતી વખતે સંસદનો હેતુ ગ્રાહકોને બજારની અનૈતિક અને છેતરપિંડીયુક્ત વ્યાપારી પ્રવૃત્તિઓથી બચાવવાનો હતો. વકીલો, ડૉક્ટરો કે અન્ય ઉચ્ચ વ્યાવસાયિકોની બૌદ્ધિક સેવાઓને આ કાયદા હેઠળ લાવીને તેમનું વ્યાપારીકરણ કરવાનો આશય કાયદો ઘડનારાઓનો ક્યારેય નહોતો.

આંધ્ર પ્રદેશ હાઈકોર્ટના આ તાજેતરના ચુકાદાનું વિશેષ મહત્વ એટલા માટે છે કે ભૂતકાળમાં કેટલીક ગ્રાહક અદાલતો દ્વારા વકીલો સામે ગ્રાહક ફરિયાદો સ્વીકારવામાં આવતી હતી, જેના કારણે કાનૂની ક્ષેત્રમાં ઘણો અસંતોષ અને અસમંજસની સ્થિતિ સર્જાઈ હતી.

પરંતુ હવે, સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ આંધ્ર પ્રદેશ હાઈકોર્ટે પણ આ બાબતને પુનઃસમર્થન આપીને કાયદાકીય સ્થિતિ એકદમ સ્પષ્ટ કરી દીધી છે કે–એડવોકેટ સામે ગ્રાહક મંચમાં 'સેવામાં ક્ષતિ'ના નામે કોઈ કેસ ચાલી શકે નહીં. વકીલાત એક વ્યવસાય છે, વેપાર નહીં.